ગાંધીનગર સમાચાર
તા. ૭-૯-૨૦૧૪, રવિવાર

તંત્રી સ્થાનેથી....

દિલ્હીમાં ભાજપનાં સત્તા માટેનાં વલખાં

ફરી પાછાં દિલ્હી ભાજપના નેતાઓની સત્તાની ભૂખ સળવળી ઊઠી છે. થોડા માટે બહુમતીથી વંચિત રહી ગયેલ ભગવી પાર્ટીનાં તત્કાલીન કર્ણધાર ડૉ. હર્ષવર્ધનને લોકસભાની ચાંદની ચોક બેઠક પર મેદાનમાં ઉતારવામાં આવ્યાં હતા અને તેઓ કોંગ્રેસના દિગ્ગજ નેતા કપિલ સિબ્બલ તથા આમ આદમી પાર્ટીના પત્રકાર ઉમેદવારને હરાવી વિજેતા બન્યા હતા. દિલ્હીની સાતે બેઠકો હર્ષવર્ધનના નેતૃત્વ અને નરેન્દ્ર મોદીની કરિશ્માના બળ પર ભાજપે અંકે કરી લીધા પછી અને વારાણસીમાં 'આપ'ના સર્વોચ્ચ નેતા અરવિંદ કેજરીવાલના પરાજય પછી દિલ્હી પ્રદેશ ભાજપ દેખીતી રીતે જ તાનમાં આવી ગયું હતું. કેન્દ્રમાં ભાજપને સંપૂર્ણ બહુમતી મળતાં ભાજપનો આત્મવિશ્વાસ સાતમા આસમાને પહોંચી ગયો હતો. પરંતુ દિલ્હીમાં સરકાર બનાવવા માટે એને કોંગ્રેસ કે 'આપ'માંથી ધારાસભ્યોની તોડફોડ કરવી પડે એમ હતી. આદર્શો અને મૂલ્યોની ગુલબાંગો પોકારતી કેસરિયા પાર્ટીના મોડવીમંડળમાં આ મુદ્દે સ્પષ્ટ મતભેદો પ્રવર્તતા હતા. એથી એ વખતે લોઢું ગરમ હતું ત્યારે ટીપી નાખવાની પાર્ટીએ હિંમત નહોતી કરી. કાળક્રમે 'આપ'ના પૂર્વ મુખ્યમંત્રીએ પરી એક વાર દિલ્હીની સરકારનું નેતૃત્વ સંભાળવાની મંશા વ્યક્ત કરી હતી પરંતુ ભાજપ કે કોંગ્રેસ - બે પૈકી એક પણ પાર્ટી એમને સમર્થન આપવા તૈયાર ન થતાં એમણે નવી ચૂંટણીઓ યોજવાનું ગાણું ગાવા માંડ્યું હતું. નવી ચૂંટણી કરવામાં આવે તો મતદારો ભાજપ તરફ જ વળે, એવી સંભાવના છતાં પ્રદેશ એકમ અને એથી પણ વિશેષ પાર્ટીની કેન્દ્રીય નેતાગીરી ચૂંટણી આપતાં ખમચાય છે, કારણ કે મોદી શાસનના બે મહિના પૂરાં થયાં ત્યાં સુધી મોંઘવારી સતત વધતી જ રહી હતી. શાસનના સો દિવસ પછી પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓમાં પ્રવર્તતી મોંઘવારીમાં નોંધપાત્ર ફરક પડેલ નથી, વળી સરહદો પર પાક-ચીનનાં અડપલાં સામે પણ ભારતનું વલણ મતદારોની ઇચ્છાને અનુકૂળ નથી રહ્યું. આ બધું જોતાં નથીને કદાચ દિલ્હીના મતદારોએ પણ ઉત્તરાખંડવાળી કરી બેસે તો? ઉત્તરાખંડની વિધાનસભાની ખાલી પડેલી બેઠકો પર પેટા ચૂંટણી યોજાતાં ત્રણે બેઠકો કોંગ્રેસને ફાળે ગઇ હતી. લોકસભાની ચૂંટણીમાં તમામ બેઠકો પર મોદીનું મોજું હતું, એની અસર સમય જતાં ઓસરી રહી છે અને બિહારમાં નીતીશ-લાલુ યુતિએ ભાજપની આશાઓ પર પાણી ફેરવી દીધું છે. આ તમામ મુદ્દાઓ ધ્યાનમાં રાખી હવે ભાજપ સરકાર દિલ્હીમાં તત્કાળ નવી ચૂંટણી યોજવાનાં મૂડમાં નથી. દિલ્હીના ઉપરાજયપાલ કેન્દ્રના ઇશારે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીને પત્ર પાઠવી સૌથી મોટા પક્ષ તરીકે ભાજપને સરકાર રચવા દેવાની તક આપવાની પરવાનગી માગી છે. રાષ્ટ્રપતિના હાથ બંધાયેલ હોવા છતાં એમણે એ મુદ્દે કેન્દ્રનાં ગૃહખાતાનો અભિપ્રાય મંગાવ્યો છે. દિલ્હીમાં ભાજપની સરકાર રચાતી અટકાવવા 'આપ' અને કોંગ્રેસ - બેઉ હવાતિયાં મારી રહ્યાં છે. એમની દલીલમાં વજૂત જરૂર છે : જે પાર્ટી એની પાસે ૩૨ ધારાસભ્યો હતા ત્યારે સરકાર રચવા તૈયાર નહીં થયેલી તે અત્યારે ૨૮ ધારાસભ્યો થઇ ગયા છતાં બહુમતી કઇ રીતે પુરવાર કરી શકશે? બહુમતી પુરવાર કરવાના રસ્તાથી ભાજપ સુપેરે વાકેફ છે. 'આપ' અને કોંગ્રેસ - બેઉંમાંથી લાલચુ ધારાસભ્યો 'ગુપ્ત મતદાન' વાળી ઉપરાજયપાલની યોજના મુજબ ભાજપ તરફી મતદાન આપશે અને ઘીના ઠામમાં ઘી પડી રહેશે. આદર્શો, બંધારણ, નૈતિક મૂલ્યો એ બધાં તો પોથીમાંનાં રીંગણાં છે.

કે.કે. પટેલ વિદ્યાલય કોલવડામાં આચાર્ય શ્રીમતી ભાવનાબા વાઘેલાના માર્ગદર્શન હેઠળ જ્ઞાન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. 'સ્વચ્છતા અભિયાન'માં શાળાની, ગામના રસ્તાઓની સફાઈ કરવામાં આવી હતી. જેનું સંચાલન શ્રી નલીનભાઈ પટેલ તથા શ્રી ધનંજયભાઈ પટેલે કર્યું હતું. મહાન વ્યકિતઓના જીવન ચરિત્રનું વાંચન કરવામાં આવ્યું હતું. કાવ્યપઠન પણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંચાલન શ્રી બાબુભાઈ પ્રજાપતિએ કર્યું હતું. વર્ગ સુશોભન, રંગોળી હરિફાઈ યોજવામાં આવી હતી જેનું સંચાલન પ્રવિણાબેન પ્રજાપતિએ કર્યું હતું. દેશભકિતગીતો, સુલેખન સ્પર્ધા, સ્વયં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લઈ શાળાનું શૈક્ષણિક સંચાલન કર્યું હતું.

ગુરુવંદના તથા ગુરુના મહિમાનો કાર્યક્રમ યોજાયો હતો. ભૂતપૂર્વ આચાર્ય શ્રી અર્જુનસિંહ વાઘેલા, રતનસિંહ વાઘેલા, ઈશ્વરભાઈ પટેલ, આદરજ મોટીના ભૂતપૂર્વ આચાર્યનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી છત્રસિંહ વાઘેલાએ સન્માન કરેલ હતું. સંચાલન શ્રી ચીનુભાઈ પટેલે કર્યું હતું.

એસ. જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં શિક્ષક દિનની ઉત્સાહભેર ઉજવણી થઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ.જી. ઈંગ્લિશ મિડિયમ પ્રાયમરી સ્કૂલમાં પમી સપ્ટેમ્બર-૨૦૧૪ ના રોજ શિક્ષક દિનની ખૂબ જ હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના બાળકોએ શિક્ષક દિન નિમિત્તે પોત-પોતાના વર્ગને શણગાર્યો હતો. શિક્ષક બનેલા બાળકોએ પોતાની શૈક્ષણિક કામગીરીને વર્ગદીઠ સંભાળી હતી. રંગીન વસ્ત્રોમાં સજ્જ બાળ શિક્ષકોએ ગણિત, અંગ્રેજી, સામાજિક વિજ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, વ્યાયામ, ચિત્ર જેવા વિષયોને વર્ગમાં સુંદર રીતે ભણાવ્યા હતા. ધોરણ-૮ ની વિદ્યાર્થિની વેલાણી પ્રાચીએ આજના દિને આચાર્યની સફળ ભૂમિકા ભજવી હતી. શાળાના ૧ થી ૮ ધોરણના ૪૨ વર્ગમાં ૬૦ જેટલા શિક્ષકોએ આજના દિવસે શૈક્ષણિક કાર્ય સંભાળ્યુ હતું. શાળાના આચાર્યા દ્વારા દરેક બાળકને આશીર્વાદ સાથે શિક્ષક બનવા માટેની શુભેચ્છા અપાઈ હતી. આ પ્રસંગે આચાર્યા મિલિસિંહે મૂળ શિક્ષકોને શિક્ષક દિનની શુભેચ્છા પાઠવી હતી અને આદર્શ શિક્ષકના ગુણ અપનાવતા અને બાળકો સાથે પ્રેમભર્યુ વર્તન કરતા શિક્ષકોને બિરદાવ્યા હતા. આ પ્રસંગે શાળાના વિદ્યાર્થીઓએ પણ શિક્ષકોને ગ્રેટીંગ્સ આપી પોતાની શુભેચ્છા વ્યક્ત કરી હતી.

ઈન્ફોસિટી સ્કૂલમાં શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી

ગાંધીનગર, તા.૬

ઈન્ફોસિટી સ્કૂલમાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમના ધો. ૬ થી ધો. ૯ ના ઉત્સાહિત વિદ્યાર્થીઓએ શિક્ષક દિનમાં ભાગ લીધો હતો. તેમાં બંને માધ્યમના ૧૮ શિક્ષકો અને ૨ સેવક બન્યા હતા. દરેકે પોતાની જવાબદારી ખૂબ સરસ રીતે પૂર્ણ કરી હતી. દર વર્ષે ૫ સપ્ટેમ્બરે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં શિક્ષક દિન ઉજવવામાં આવે છે. આ પ્રવૃત્તિથી વિદ્યાર્થીમાં રહેલી અંતર્ગત શક્તિઓ બહાર આવી હતી. તેમને કલાસનું ખૂબ સરસ રીતે નેતૃત્વ કર્યું હતું. આ વિદ્યાર્થીઓએ છેલ્લે પોતાના શિક્ષક તરીકેના મંતવ્યો રજૂ કર્યા હતા. સમગ્ર પ્રવૃત્તિ સુપરવાઈઝર દિમીમેડમ અને પ્રવિણા મેડમના નેતૃત્વ હેઠળ પૂર્ણ કરવામાં આવ્યું હતું. ઈન્ફોસિટી સ્કૂલના મેનેજીંગ ટ્રસ્ટી દલસાણીયા સર અને પ્રમુખ વૈષ્ણવ સરે તેમને અભિનંદન પાઠવ્યા હતા.

રામાનુજન ગણિત સ્પર્ધા-૧૪નું આયોજન

હરીઓમ આશ્રમ સંચાલિત અને સુગણિતમ ટ્રસ્ટ, અમદાવાદ આયોજીત '૪૦મી રામાનુજન ગણિત સ્પર્ધા' રાજ્યકક્ષાની પરીક્ષાનુંઆયોજન ૨૮, સપ્ટેમ્બર, ૨૦૧૪ ના રોજ ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટીચર એજ્યુકેશન, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતેના કેન્દ્ર પર રાખેલ છે. આ પરીક્ષાનો હેતુ વિદ્યાર્થીઓમાં ગણિત પ્રત્યેનું રસ દાખવવાનુંતેમજ પ્રોત્સાહન પુરૂ પાડવા માટેનું છે. આ પરીક્ષામાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની મેથેમેટીકલ ઓલમ્પીયાડ પરીક્ષા માટે પણ આમંત્રિત કરવામાં આવશે. ગાંધીનગર જિલ્લાના ધોરણ-૭થી ૧૨ માંઅભ્યાસ કરતાંઅને આ પરીક્ષા આપવા ઈચ્છુક તમામ વિદ્યાર્થીઓને પરીક્ષા ફોર્મ વેબ સાઈટ **'http://sites.google.com/site/rmogujarat'** પરથી મેળવવી ઉપરોક્ત કેન્દ્ર પર તારીખ ૨૬, સપ્ટેમ્બર પહેલા જમા કરાવાના રહેશે.

હરિની દૃષ્ટિ...

જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ વિવિધ પ્રવૃત્તિમાં અગ્રેસર

ગાંધીનગર, તા.૬

શ્રી ભુવનેશ્વર મહાદેવ યુવક મંડળ તથા સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ આયોજિત સાર્વજનિક ગણેશ મહોત્સવ સેકટર-૬ દ્વારા ગ્રૂપ ડાન્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરી પ્રથમ નંબર પ્રાપ્ત કરેલ છે.

અરવિંદ કેન્દ્ર સેકટર-૨ ૩માં ૧૫મી ઓગષ્ટના રોજ નિબંધ લેખન સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.બી. પ્રાથમિક શાળાના ૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. પ્રથમ નંબર અર્જુન પટેલ, દ્વિતિય સ્થાને શકિતરાજસિંહ વાઘેલા, તૃતીય સ્થાને વૈભવ પરમાર, તૃતીય સ્થાને પ્રદિપ નાવડિયા, પાંચમા સ્થાને હર્ષ જાદવનો આવ્યો હતો તેમને રોકડમાં રૂ. ૨૦૦, ૧૦૦, ૫૦ અને ૨૫ના ઈનામ મળેલ હતા.

ગાંધીનગર શહેર પશ્ચિમ વિભાગ વ્યાયામ મંડળ દ્વારા આયોજિત તેમજ યુવા ઉત્સવ કાર્યક્રમ હેઠળ જે.બી. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ શ્રેષ્ઠ પ્રદર્શન કરેલ હતું. ૧૦૦ મીટર દોડમાં ચરપોટ લખજીભાઈ ધ્રુવ-પ્રથમ, હેત વિક્રમભાઈ પટેલ-દ્વિતીય રહ્યા હતા. ૨૦૦ મીટર દોડમાં પ્રથમ હર્ષ પરમાર રહેલ. વિઘ્ન દોડમાં હેત વિક્રમભાઈ પટેલ પ્રથમ, હર્ષ પ્રવિણભાઈ ચૌધરી દ્વિતીય અને ગોળા ફેંકમાં દેસાઈ હેમાંગ અમૃતભાઈ પ્રથમ જયારે ચકફેંકમાં શાહ નિસર્ગ રાજેશભાઈ પ્રથમ રહ્યા હતા.

જ્ઞાનકુંભ
- દર્શન માર્ગ

વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં આયોજિત આઈસીસી ચેમ્પિયન ટ્રોફીમા ગોલ્ડન બોલનો ખિતાબ કોને અપાયો હતો?
➜ **રવીન્દ્ર જાડેજા**

● ૨૦૧૩માં રાષ્ટ્રીય એઈડ્સ નિયંત્રણ કાર્યક્રમ-૪ માટે ભારતે કઈ સંસ્થા સાથે ઋણ સમજૂતી કરી હતી?
➜ **વર્લ્ડ બેન્ક**

૨. ૨૦૧૩ કેનેડા સ્થિત બિનસરકારી સંગઠન માઈક્રોન્યુટ્રીએન્ટ ઈનિશિએટિવના અધ્યક્ષ અને વૈશ્વિક આરોગ્ય વિક્ષેષજ્ઞ એમ.જી. વેંકટેશ મન્નાર અનુસાર વિશ્વમાં સૌથી ઓછા વજનનાં બાળકો અને કુપોષિત વસ્તીના કેટલા ટકા ભારતમા છે?
➜ **૪૦ ટકા**

૩. ૨૦૧૩માં અમેરિકાના રાષ્ટ્રપતિ ઓબામાએ સહાયક વિદેશમંત્રી તરીકે ભારતીય મૂળની કઈ મહિલાની નિમણુંક કરી છે?
➜ **નિશા દેસાઇ**

૪. ૨૦૧૩માં સંયુક્ત રાષ્ટ્ર નિઃશસ્ત્રીકરણ સંમેલન માટે ભારતનો કાયમી પ્રતિનધિ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **ડી. બાલવેંકટેશ વર્મા**

૫. ૨૦૧૩માં અમેરિકી રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાની સલાહકાર સમિતિમાં કયા ગુજરાતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો?
➜ **કૌશિકભાઇ રાદડિયા**

૬. ગુજરાત બજેટ-૨૦૧૪માં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિ માટે કેટલા કરોડની જોગવાઈ કરવામાં આવી છે?
➜ **૪૩૫૮ કરોડ**

૭. ૨૦૧૪માં શ્રમકૌશલ્યપંચમ ગુજરાતના કયાં સ્થળે યોજાયું હતું?
➜ **મહાત્મા મંદિર, ગાંધીનગર**

૮. ૨૦૧૪માં ગુજરાતનાં ખાદીજગતમાં મધરફિગર તરીકે જાણીતા કયા પૂર્વ સાંસદનું તાજેતરમાં ૯૩ વર્ષની વયે નિધન થવા પામ્યું હતું?
➜ **જયાબેન શાહ**

૯. ૨૦૧૪માં જનસંઘર્ષ મંચના પ્રણેતા અને કયા જાણીતા એડવોકેટનું કેન્સરની લાંબી માંદગી બાદ નિધન થવા પામ્યું હતું?
➜ **ડો. મુકુલ સિંહા**

૧૦. ગુજરાતના બાળકો અને યુવાનોને સંસદ ભવન જોવા માટે દિલ્હી જવું ન પડે તે હેતુસર ભૂજ નજીક કયાં ગામે મિનિ સંસદભવનની પ્રતિકૃતિનું નિર્માણ કરી રહેવામાં આવ્યું છે?
➜ **ભૂજોડી**

૧૧. ૨૦૧૪માં અમદાવાદ ખાતે કેટલામો નેશનલ બુક ફેર યોજાયો હતો?
➜ **ત્રીજો**

૧૨. ૨૦૧૪માં ગુજરાતનાં કયા સ્થળે રાષ્ટ્રીય ગણિત મહોત્સવ યોજાયો હતો?
➜ **રાજકોટ**

૧૩. ૨૦૧૪માં જાણીતી અમૂલ ડેરીને કયો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો?
➜ **ગ્રીન ગર્વનસ એવોર્ડ**

૧૪. હાલ ગુજરાત વિધાનસભામાં ચુંટાયેલા ધારાસભ્યોની સંખ્યા કેટલી છે?
➜ **૧૭૩**

૧૫. ૨૦૧૪ લોકસભાની ચૂંટણીમાં ભાજપમાંથી કેટલા ચાલુ ધારાસભ્યો સાંસદ તરીકે ચુંટાઈ આવ્યા હતા?
➜ **૯**

૧૬. હાલ ગુજરાત વિધાનસભામાં ભાજપ પક્ષના ધારાસભ્યની સંખ્યા કેટલી છે?
➜ **૧૨૩**

૧૭. ૨૦૧૩માં આઈ.આઈ.એમ. અમદાવાદ (IIM-A) ના ડાયરેકટર પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **આશિષ નંદા**

૧૮. ૨૦૧૩માં ગુજરાતના કયા સ્થળે સંપૂર્ણ 'સંસ્કૃત કૉલેજ'ની શરૂઆત કરવામાં આવી છે?
➜ **સાળંગપુર**

૧૯. ૨૦૧૩ના રાજય પારિતોષિક માટે ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા રાજયમાંથી કુલ કેટલા શિક્ષકોની પસંદગી કરવામાં આવી હતી?
➜ **૩૪**

૨૦. ગુજરાત રાજયનો ૬૪મો વન મહોત્સવ કયા સ્થળે યોજાયો હતો?
➜ **નાગેશ્વર મંદિર (દ્વારકા)**

વખોડવાથી બની શકાય છે બુદ્ધિજીવી ? કે સેલીબ્રીટી ???

અરે, આ માઈક પરથી વહેતા માથું પકવનારા ગીતો સુવા જ નથી દેતા યાર, આ ગણપતિ હોવા જ નાં જોઈએ, આપણને કેટલી તકલીફો પડે છે... આજ તો રસ્તા માં એટલો ટ્રાફિક એટલો ટ્રાફિક ને કે માંડ માંડ ઓફીસથી ઘેર પહોચાયું... હાળા હાવ હાલી જ મર્યા છે...નીકળી જ પડ્યા છે ગરબા રમવા... અરે, એ કોલેજ તો સાવ ભંગાર છે...અમે જ માંડ માંડ ભણી ને બહાર નીકળ્યા છીએ ને અને એકદમ અભણ ભણાવનારાઓ... શું બેકાર લેખો લખે છે...સાવ ભંગાર...હું તો વાંચતો જ નથી ને....બધું ગુગલ જ કરેલું હોય છે... અરે એ બ્રાંડની ગાડી લેવાય જ નહિ યાર... એકદમ થર્ડ ક્લાસ આવે છે... મારા ફલાણા ફલાણા સગાએ લીધેલી તો અત્યારે માથે હાથ મૂકીને પસ્તાય છે.બે મહિનામાં જ થાકી જવાના....લીસ્ટ લાંબુ થઈ શકે એમ છે પણ વાતનો સુર એક જ છે..બસ વખોડ્યા કરો...વખોડ્યા કરો...!!!

આજકાલ આ ફેશન ચાલે છે વખોડવાની. તમારે કોઈથી અલગ દેખાવું છે, તમારી જાતને બીજાથી વધુ બુદ્ધિમાન સાબિત કરવી છે, તમે કઈક બીજાથી હટકે વિચારો છો, ભલે ને અંદરથી એગ્રી હો પણ છતાય દેખાવા નથી દેવું... તો સીધો ને હાથવગો ઉપાય છે માંડો વખોડવા. જોયું આ ભાઈ કે બહેન તો બીજાથી કેટલું અલગ વિચારે છે અને ખરેખર એમની પાસે એ ઘટના કે વ્યક્તિને જોવાની અલગ જ દ્રષ્ટિ છે એવું સાબિત કરાવવું છે તો ભલે ને ગમે એટલું લોકપ્રિય હોય, લોકાભિમુખ હોય કે મેજોરીટી અભિપ્રાયો એ બનાવ કે વ્યક્તિની તરફેણમાં આવતા હોય તો શું થઈ ગયું? આપણે ઉલટું જ ચાલવાનું... બુદ્ધિજીવી દેખાવુ છે ને? બસ તો માંડી પાડો વખોડવા...

અને આવી બુદ્ધિજીવી ક્રિયાનો સૌથી પહેલો, હાથવગો અને સહેલો શિકાર છે તહેવારો. હજુ તો ગણપતિ ને અઠવાડિયાની વાર હોય ત્યાં આવા ચિંતાતુર ચંદ્રદનો મંડશે મરશીયા ગાવા. એય ને હવે અવાજોનું પ્રદુષણ વધશે ને ગણપતિ ને અને આપણે શું લાગે વળગેથી લઈને એક જ હાથે સરકાર, સ્થાનિક તંત્ર અને આશ્થાળુંઓ સહીત આખા ને આખા ગણપતિબાપ્પા ને ઝપટે લઈ લેશે પણ આ ઝપટ બોલાવતી વખતે એ ભૂલી જશે કે એના જ કુટુંબમાં કે ઘરમાં કે વડીલોમાં ગણપતિ પ્રત્યે આસ્થા રાખનારાઓ બહુમતીમાં હશે જ. પણ ના... જુદું દેખાવું જરૂરી છે. કોઈ પીપુડી સાંભળે કે નાં સાંભળે એ તો એનો વિરોધગાન ચાલુ જ રાખશે.

શ્રાવણમાં દૂધનો બગાડ થાય છે, નવરાત્રી લવરાત્રી બની જાય છે, અંબાજી ચાલતા જનારાઓ ગંદકી કરે છે, રસ્તો બ્લોક કરે છે, અકસ્માતો થાય છે, પિતૃપક્ષની મજાકો ઉડાવાય છે, ઈદ પર બકરાઓ કપાય છે... વગેરે વગેરે. ઠીક છે ભાઈ લોકશાહી છે તો દરેકને અધિકાર છે વાણીસ્વાતંત્ર્યનો પણ એનો અર્થ એ તો નથી કે દરેક વખતે લોકોની લાગણીનું ધ્યાન રાખ્યા વગર આપણી ગાજરની પીપુડી વગાડ્યા જ કરવી? બરાબર છે કે સમાજમાં કોઈ ચીજ, ઘટના કે વ્યક્તિ વિષે ચિંતા કરવી વ્યાજબી છે અને એક જાગૃત નાગરિક તરીકે એ જરૂરી પણ છે જ પરંતુ સાવ મો માથા વગરનું વખોડ્યા જ કરવું એનો કોઈ તાર્કિક જવાબ નથી મળતો.

પણ આ જ બુદ્ધિજીવીઓની નિશાની છે. એમની પાસે દરેક ઘટના કે વ્યક્તિ પછી ચાહે એ સારી હોય કે ખરાબ પણ એનું વિરોધ કે વખોડવાની સચોટ અને સતત દલીલો મોજુદ જ હશે. અને મજાની વાત એ છે કે દરેક ઘટના કે વ્યક્તિ વિશેષમાંથી એ કૈક ને કૈક એવી વસ્તુઓ શોધી લે કે તમે પણ દંગ થઈ જાવ. તહેવારોની જ વાત લઈએ તો તહેવારો આપણા સમાજજીવનનો એક અનિવાર્ય હિસ્સો છે. તહેવારોની ઉજવણી આપણા તંગ અને ભાગદોડવાળા જીવનમાં ખુશી અને આનંદની થોડી પળો લાવે છે અને એ કાઈ આજકાલથી શરુ થયેલું તો છે નહિ. અનાદિકાલથી અને સમગ્ર વિશ્વમાં જુદી જુદી રીતે તહેવારોની ઉજવણી થાય છે, હા એ ખરું છે કે બદલાતા સમાજ અને વ્યવસ્થા વચ્ચે તહેવારોની ઉજવણી પણ આગવા અંદાજથી થોડી વિચલિત થઈ ગઈ હશે એની નાં નહિ પણ એનો અર્થ એવો તો નથી જ કે એ ગલત છે.

ગણપતિ, નવરાત્રી, દિવાળી કે બીજા તહેવારો અગાઉ ઉજવાતા એના કરતા વધુ માત્રામાં અને વધુ વ્યાપક રીતે ઉજવાતા થયા છે તો સ્વાભાવિક છે કે એની ઉજવણીઓમાં પણ આધુનિકતા ભળે જ. જો આપણે પણ ૧૯૭૦ના દાયકાનું બેલ બોટમ પહેરવાની બદલે લેટેસ્ટ જીન્સ પહેરતા થઈ ગયા હોઈએ તો સ્વાભાવિક છે કે તહેવારોની ઉજવણી પણ બદલાતા સમય ને સંજોગો મુજબ જ થવાની અને એ કરનાર પણ આપણે જ હોવાના. તો પછી વિરોધ શેનો? એકબાંજુથી આપણે એવું માનીએ કે જીવનની હર એક પળ આનંદ અને ઉલ્લાસથી વિતાવવી જોઈએ અને એક બાજુ આવું કરનારાઓ ને ભાંડતા રહેવા? જબરી ડબલ ઢોલકી વગાડી જાણીએ છીએ..હે ને ...?

પણ શું થાય કૈક જુદું તો દેખાવું કે નહિ? બધાની સાથે હેશો હેશો કરીએ તો પછી આપણે બુદ્ધિજીવી શેના હે? અહી મને કોઈ હાસ્યકલાકાર નો એક જોક યાદ આવે છે કે ગામના પાદરે બેઠેલા ડોસાઓ કે જેના ચોરણા ગોઠણેથી ફાટી ગયા હોય છે, ઘરમાં કોઈ સાંભળતું નથી હોતું એ પાછા ઓટલે બેઠા બેઠા સુફિયાણી વાતો કરતા હોય કે ભલે મોદી વડોપ્રધાન થયો પણ જાજુ ટકશે નહિ... મોદી ટકે કે નાં ટકે પણ જો સિલાઈ નહિ મારે તોહ તારો ચોરણો વધુ નહિ ટકે એ પાક્કું છે...!!! કહેવાનો અર્થ કે ઘણી વાર વખોડવામાં એ ભૂલાય જાય છે કે આપણી આ તુતી તો ગામ બહાર પણ સંભળાય એમ નથી. પણ, નાં...વિરોધ કરવો એટલે કરવો. તહેવારો તો એક ઉદાહરણ છે બાકી ગમે તે ટોપિક હોય ને બુધ્દિજીવી દેખાવાનો સરળ અને સસ્તો ઉપાય છે અલગ વિચારો પછી ચાહે એની કોઈ સત્યતા હોય કે નાં હોય પણ એક વાર તો વિરોધ કે વખોડી જ નાખવાનું.



રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

આપણા દેશમાં બે વસ્તુઓ તમને બહુ જડપથી સેલીબ્રીટી બનાવી શકે છે, એક તો બુદ્ધિજીવી હોવું અથવા તો દેખાવું અથવા તો નાં હોય તો પણ એ પ્રમાણે વર્તવું અને બીજું સેક્યુલર હોવું. બસ જો આ બે ચીજ પર તમારી હથોટી આવી ગઈ તો પછી તમે સડસડાટ સેલીબ્રીટી બની જવાના પછી ચાહે તમે લેખન ના ક્ષેત્ર માં હો, કળાના ક્ષેત્રમાં હો કે પછી તમારા વર્તુળ માં હો પણ અચૂક સેલેબ થઈ જવાના. સેક્યુલર દેખાવું અને એ રીતે વિચારવું એ તો વાળી એનાથીય સહેલું ને સટ કામ છે કારણ કે હિંદુ બહુમતી ધરાવતા આ દેશમાં માંડો લઘુમતીઓ તરફી વિચારવા, બસ બની ગયા સેક્યુલર!!! આખું ગામ જે દિશામાં જવાનું હોય એ જ દિશામાં જવાનું પણ એ પહેલા એના કરતા મારી પાસે બીજી સારી દિશા છે એવું ઠસાવવાની જી જાન થી કોશિશ કરવાની જ. હિમ્મત નાં હારવી, આજે નહિ તો કાલે કોઈ તો સાંભળશે જ અને એમ કરતા પણ થોડા ઘણા પણ હા એ હા પોકારે તો પણ ફાયદો તો વખોડનાર ને જ છે ને...!!

બુદ્ધિજીવી દેખાવા માટે કે છું જ એવું ઠસાવવા માટે ઉપર કહ્યું એમ વખોડવાની વિવિધતા પર માસ્ટર ડીગ્રી મેળવી લેવી. રસ્તા પર ખાડા છે - પછી ભલે ને સડસડાટ લીસ્સા ચમકતા રસ્તાઓ પર આપણે હજારો કિલોમીટરનો પ્રવાસ કરતા હોય પણ ના વાત તો ખાડાવાળા રસ્તાની જ કરવાની, ગાયોનો ત્રાસ છે - આવું કહેતી વખતે ગાય આપણી માતા છે એ વસ્તુ નજર અંદાઝ કરવી જરૂરી છે, તહેવારો પર ભગવાનની સાથે સાથે લોકોનો ત્રાસ છે - આવું કહ્યા પછી પણ સોમનાથ કે દ્વારકાની મુલાકાત તો લેતી જ રહેવાની, પરીક્ષા સીસ્ટમ બેકાર છે - પછી ભલે ને આપણને ખબર હોય કે સીસ્ટમ બદલવા માટે આપણો નહિ પણ સરકારનો અભિપ્રાય કામ કરતો હોય છે, અને એક વાર માની પણ લઈએ કે આપણે બીજાથી અલગ અને સાચું વિચારી કે લખી શકીએ છીએ પણ પછી શું? વ્હોટ નેક્સ્ટ? શબ્દોના લવિંગીયા ફોડવાથી કે વખોડવાની વાકછુંટ થી થોડું બધું બદલી જવાનું છે?

અત્યાર સુધી આટલું વાંચનારને કદાચ આ કોઈ ચોક્કસ વ્યક્તિ કે સમૂહ ને સંબોધીને લખાયેલું લાગી શકે પણ એવું હરગીજ નથી. આ જ આજકાલ નો લેટેસ્ટ ટ્રેન્ડ છે... વખોડવાનો !!! વિરોધ કરવાનો અને વખોડવાનો બંનેનો મકસદ અલગ હોય શકે. વિરોધ કરવામાં તો ફક્ત વિરોધ જ આવે જયારે વખોડતી વખતે એ ભૂલી જવાય છે કે આપણે જેને વખોડી રહ્યા છીએ એ જે તે સ્થાન પર વર્ષોથી છે અથવા તો પોતાની મહેનત કે હોવાપણા થી ત્યાં છે. મોટાભાગે તો આંગળી પણ હલાવી ના શકનારાઓ કે પોતાનું કશું જ યોગદાન ના આપી શકનારાઓ નો આ ગૃહઉદ્યોગ હોય છે આઈ મીન દિમાગ-ઉદ્યોગ!!! એક ગણપતિ, દિવાળી, નવરાત્રી કે ઈવન ઈદ કે પછી મેળાઓ, સમારંભો, મેળાવડાઓ, ક્રિકેટ મેચો થી લઈને અને સ્થાનિક થી લઈ ને અમેરિકા, ઈઝરાઈલ કે પછી નરેન્દ્ર મોદી કે રાહુલ ગાંધી સુધીના ને લલકાર કે સલાહો આપતા રહેવી પડે કે પછી આમાંથી કાઈ સારું હોય કે નાં હોય પણ એક એક ચીજ ને વખોડતા રહેવી પડે અને આ કામ સતત કરતુ રહેવું પડે. સોસીયલ સાઈટો પર તો રીતસરનું આ બાબતમાં યુદ્ધ ફાટી નીકળતું હોય છે. દેશ કે વિદેશની કોઈ પણ ઘટના કે વ્યક્તિ વિષે કોઈ સારી બાબતને ધરાહાર અવગણીને પણ એના વિષે ટીકા ટિપ્પણ કે વખોડવામાં રીતસરની કોમેન્ટો અને સ્ટેટસોમા લડાઈ ફાટી નીકળતી હોય છે. કુછ ભી કર ફેસબુક પર ડાલ ની જેમ તહેવારો, ઘટનાઓ, વ્યક્તિઓ વગેરે વગેરેના વખાણ કરતા કે પ્રચાર કર્તા લખાણોની સામે આવી વિરોધાત્મક કે પછી ખોનગ્રાઈ કરતી પોસ્ટોનો રાફડો ફાટી નીકળે છે. ઠીક છે આવા માધ્ય